ગુજરાત ઈતિહાસ સંશોધન કેન્દ્રના અધ્યક્ષપદે વિષ્ણુ પંડ્યા અને કોષાધ્યાક્ષ તરીકે અંબુસિંહ ગોલની પસંદગી

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત ઈતિહાસ સંશોધન કેન્દ્રની કારોબારી બેઠક તાજેતરમાં મળી હતી, જેમાં ખ્યાત ઈતિહાસ સંશોધક અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાની સર્વાનુમતે માનદ્ અધ્યક્ષ તરીકે પસંદગી કરાઈ હતી. કેન્દ્રના ઉપાધ્યક્ષ ડૉ. અમી ઉપાધ્યાય અને મહામંત્રી દર્શન મશરૂની તેમજ જેમને ઈતિહાસમાં ખૂબ જ રસ છે તેવા અંબુસિંહ ગોલની કોષાધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી.

આ બેઠકમાં ભૂપેન્દ્ર દવે, સુનીલ મહેતા, ડૉ. દુષ્યંત નિમાવત, નિહારીકા શાહ, ઈશાની પટેલ, વિનોદ રાઠોડ, જગદીશ મેવા, જિતેન્દ્ર રાવલ, લોક સાહિત્યના કલાકાર ગોપાલ બારોટ, સુનિલ મહેતા, નિહારીકા શાહ, કૃષિ દવે, તસ્મીન પટેલ અને અમી ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે કોષાધ્યક્ષ અંબુસિંહ ગોલે ગુજરાતના ઈતિહાસ અંગેની રૂપરેખા આપી હતી. જ્યારે મહામંત્રી દર્શન મારૂએ તમામ સભ્યો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી અને આગામી જૂન મહિનામાં અમદાવાદ ખાતે આગામી બેઠક મળશે એમ જણાવ્યું હતું. એ પછી ત્રીજી બેઠક સુરેન્દ્રનગર ખાતે મળશે એમ પણ જણાવ્યું હતું.

ગુજરાત યુનિ. સંલગ્ન ગ્રાન્ટેડ બીએડ કૉલેજની સંખ્યા ૧૦!!!

ગાંધીનગર, તા. ૨૧

ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓની મુખ્ય પસંદ એવો બી.એડ. અભ્યાસક્રમ જેમાં ભણાવાય છે, તેવી ગ્રાન્ટેડ કોલેજો એક પછી એક બંધ થઈ રહી છે. એક સમયે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૧૫ ગ્રાન્ટેડ કોલેજો હતી, જે હાલ ઘટીને ૧૦ની થઈ ગઈ છે. ચાલુ વર્ષે જ બે ગ્રાન્ટેડ બી.એડ. કોલેજ બંધ થઈ ચુકી છે. પરિણામે બી.એડ. કરવા ઈચ્છતાં વિદ્યાર્થીઓએ નાછૂટકે લાખો રૂપિયા ખર્ચીને સ્વનિર્ભર કોલેજોમાં બી.એડ. કરવું પડે તેવી સ્થિતિ પેદા થઈ છે.

ગ્રાન્ટેડ બી.એડ. કોલેજમાં વિદ્યાર્થિનીઓને માત્ર રૂ. ૩૫૦ અને વિદ્યાર્થીઓને રૂ. ૧,૭૫૦ ફી લઈ પ્રવેશ ફાળવવામાં આવે છે. જેની સામે સ્વનિર્ભર બી.એડ. કોલેજો વિદ્યાર્થીઓ પાસેથી રૂ. ૪૦ હજાર ફી લે છે. ગુજરાત યુનિવર્સિટીમાં એક સમયે ૧૫ ગ્રાન્ટેડ-સરકારી બી.એડ. કોલેજો અસ્તિત્વમાં હતી. જેમાંથી ત્રણ કોલેજો અગાઉ બંધ થઈ ચુકી છે. તાજેતરમાં સી.એન. બી.એડ. કોલેજને બંધ કરવા કાઉન્સિલે નોટિસ આપી છે. આજ રીતે આર.બી. સાગર બી.એડ. કોલેજ સંચાલકોની ગેરરીતિના કારણે બંધ થઈ ચુકી છે. નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ એજ્યુકેશન (એનસીટીઈ) ગ્રાન્ટેડ બી.એડ. કોલેજોને અધ્યાપકો નથી તેવા કારણોસર નોટિસ આપે છે. પરંતુ ખરેખર અધ્યાપકોની ભરતી માટે સરકારે એનઓસી આપે છે. જ્યાં સુધી સરકાર એનઓસી ન આપે ત્યાં સુધી કોલેજો ફેકલ્ટી ભરી શકતી નથી. આમ, સરકારના વાંકે કોલેજો સ્ટાફ ભરી શકતી નથી અને છેવટે નો એડમિશન ઝોનમાં મૂકી દેવાય છે.

હોશિયાર વિદ્યાર્થીઓએ સ્વનિર્ભર કોલેજોમાં બે વર્ષના ૧ લાખ રૂપિયા ફી ભરીને પ્રવેશ લેવો પડે છે. અધ્યાપકો કહે છે ગ્રાન્ટેડ અને સરકારી બી.એડ. કોલેજોમાં અધ્યાપકો ન હોય તો કાઉન્સિલે નોટિસ સરકારને આપવી જોઈએ. તેના બદલે કોલેજને નોટિસ મળે છે. કોલેજો સરકારની મંજૂરી વગર કશું કરી શકે તેમ નથી એ પણ એક કડવી વાસ્તવિકતા છે.

ઍર ફોર્સ ઍડમિનીસ્ટ્રેટિવ કૉલેજનો કમાન્ડ સતીષ આર મેનને સંભાળ્યો

ગાંધીનગર, તા. ૨૧

ઍર ફોર્સ ઍડમિનીસ્ટ્રેટિવ કૉલેજનો કમાન્ડ ઍર કમાન્ડર સતીષ આર મેનન દ્વારા સંભાળવામાં આવ્યો છે.

ઍર ફોર્સ ઍડમિનીસ્ટ્રેટિવ કૉલેજ એ ઈન્ડિયન ઍર ફોર્સની પ્રિમિયર ટ્રેઈનીંગ ઈન્સ્ટીટ્યુટ છે, જે કોઈમ્બતૂર, તામિલનાડુ ખાતે કાર્યરત છે. ઈન્ડિયન ઍર ફોર્સની સઘળી શાખાઓના અધિકારીઓ અહીં તાલીમ મેળવે છે. ઉલ્લેખનીય છે કે સતીષ મેનન સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ગાંધીનગરના પૂર્વ વિદ્યાર્થી છે અને તેઓ ગુજરાત યુનિ., અમદાવાદના સ્નાતક છે. તેમની આ નિમણૂંક પહેલાં તેઓ હેડ ક્વાર્ટર, સાઉથ વેસ્ટર્ન ઍર કમાન્ડ, ગાંધીનગર ખાતે કાર્યરત હતા.

આરટીઈ હેઠળ પ્રવેશની પહેલી યાદીમાં ૪૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત

ગાંધીનગર, તા. ૨૧

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ધો.૧માં પ્રવેશ ફાળવાયેલા ૮૦,૧૯૯ વિદ્યાર્થીઓ સાથે જે વિદ્યાર્થીઓ પ્રવેશ માટે લાયક હતા પરંતુ તેમને પ્રવેશ ફાળવાયો નથી તેવા વિદ્યાર્થીઓની યાદી પણ જાહેર કરાઈ છે. જેમાં રાજ્યના ૪૫,૫૩૨ વિદ્યાર્થીઓ પ્રથમ યાદીમાં પ્રવેશથી વંચિત રહ્યા હોવાની વિગતો ખૂલી છે. જે વિદ્યાર્થીઓનો સમાવેશ પ્રથમ પ્રવેશ યાદીમાં થયો નથી તેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ જનરલ કેટેગરી અને SEBC કેટેગરીના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જ્યારે એસસી અને એસટી કેટેગરીના દોઢ હજાર વિદ્યાર્થીઓને પ્રથમ પ્રવેશ યાદીમાં સ્થાન મળ્યું નથી. આ સિવાય અન્ય તમામ કેટેગરીના વિદ્યાર્થીઓને પ્રથમ યાદીમાં સમાવી લેવામાં આવ્યા છે.

આરટીઈ એક્ટ અંતર્ગત ધો.૧માં પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરાઈ તેમાં સમગ્ર રાજ્યમાંથી ૧.૮૭ લાખ ઓનલાઈન ફોર્મ ભરાયા હતા. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ ડીઈઓ-ડીપીઈઓ દ્વારા ફોર્મની ચકાસણી કરી મંજૂરી આપવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ૧.૨૫ લાખ વિદ્યાર્થીઓના ફોર્મ માન્ય રાખવામાં આવ્યા હતા. ફોર્મને લગતી તમામ કામગીરી પૂર્ણ થયા બાદ ૧૮ મેના રોજ RTEમાં પ્રવેશ માટેની પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં ૮૦,૧૯૯ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો હતો.

દરમિયાન પ્રવેશ યાદી જાહેર કરાયા બાદ જે વિદ્યાર્થીઓનો સમાવેશ પ્રવેશ યાદીમાં થયો નથી તેમની પણ યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં સમગ્ર રાજ્યના ૪૫,૫૩૨ વિદ્યાર્થીઓનો પ્રથમ પ્રવેશ યાદીમાં સમાવેશ કરાયો ન હોવાનું જાણવા મળે છે. જોકે, હજુ ૨ જૂનના રોજ બીજી પ્રવેશ યાદી જાહેર થવાની છે તેમાં અમુક વિદ્યાર્થીઓનો સમાવેશ કરી દેવાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આમ, ૪૫ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ પ્રથમ પ્રવેશ યાદીમાંથી બાકાત રહ્યા છે. પ્રવેશ યાદીમાં સમવિષ્ટ ન થયા હોય તેવા ૪૫ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓમાં સૌથી વધુ જનરલ કેટેગરી અને SEBC કેટેગરીના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે

શ્રીમદ ભાગવત પંચાહ્ન પારાયણ

શ્રી સ્વામિનારાયણ મંદિર, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે પુરુષોત્તમ માસ નિમિત્તે પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી શ્રીમદ ભાગવત પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના વક્તા પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજીએ શ્રીકૃષ્ણ જન્મોત્સવની દિવ્ય કથાનું રસપાન કરાવ્યું હતું અને સહુ હરિભક્તોએ ભાવસભર શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવ્યો હતો.

જીટીયુના કુલપતિની પ્રશંસનીય પહેલ

કાર્યકાળ દરમિયાન તેમને મળેલી ગિફ્ટ, ભેટ સોગાતોની જાહેર હરાજી કરીને જે રકમ ઉપજે તે રકમ કન્યા કેળવણી ફંડમાં આપી દેવાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નવીનચંદ્ર શેઠે કન્યા કેળવણી ક્ષેત્રે અનોખી પહેલ કરી છે. કુલપતિ તરીકેના કાર્યકાળ દરમિયાન તેમને પોતાને મળેલી ગિફ્ટ, ભેટ સોગાતોની જાહેર હરાજી કરીને જે રકમ ઉપજે તે રકમ કન્યા કેળવણી ફંડમાં આપી દેવા નિર્ણય લીધો છે. ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓમાં આ પ્રકારનો નિર્ણય લેનારા જીટીયુના પ્રથમ કુલપતિ છે. હાલમાં ૮ ચીજવસ્તુ લીલામી માટે જીટીયુની વેબસાઈટ પર મૂકવામાં આવી છે. આગામી બે માસ સુધીમાં લોકો બોલી બોલી શકશે. બે માસ પછી જે વધારે રકમ બોલશે તેને જે-તે વસ્તુ આપી દેવામાં આવશે. આ લીલામીમાંથી અંદાજે રૂ. બે લાખની આવક થાય તેવી શક્યતા છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી હતા ત્યારે તેઓએ પોતાને મળેલી તમામ ભેટ-સોગાતોની લીલામી કરવાની પ્રથા શરૂ કરી હતી. જો કે, મુખ્યમંત્રી બાદ હજુ સુધી કોઈ નેતાએ આ પ્રથા અપનાવી નથી. પરંતુ હવે રાજ્યની સૌથી મોટી ગણાતી ટેકનોલોજિકલ યુનિવર્સિટીના કુલપતિ નવીનચંદ્ર શેઠે પણ પોતાને મળેલી તમામ ભેટ-સોગાતોની જાહેરમાં લીલામી કરવાનો નિર્ણય લીધો છે. હાલમાં યુનિવર્સિટીની વેબસાઈટ પર આ અંગેની તમામ જાણકારી અને ભેટમાં મળેલી ચીજ-વસ્તુઓની યાદી અને ફોટા પણ મુકી દેવાયા છે. દરેક ચીજવસ્તુની મૂળ કિંમત નક્કી કરવામાં આવી છે.

સૌથી વધારે બોલી લગાવશે તેમને આ વસ્તુ આપવામાં આવશે. આગામી બે માસ સુધી ઓનલાઈન ઓક્શન એટલે કે લીલામી ચાલુ રાખવામાં આવશે. મહત્ત્વની વાત એ કે રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓના કુલપતિઓને આ પ્રકારની ભેટ-સોગાત મળતી હોય છે. પરંતુ મોટાભાગના કુલપતિઓ પોતાનો કાર્યકાળ પૂરો થાય ત્યારે કુલપતિના બંગલામાંથી અન્ય સામાનની સાથે ભેટ-સોગાતો પણ ટ્રકમાં ભરીને ઘરે લઈ જતાં હોય છે. આજ સુધી કોઈ કુલપતિએ આ પ્રકારની પહેલ કરી નથી ત્યારે જીટીયુના કુલપતિની આ પ્રકારની પહેલમાંથી અન્ય કુલપતિઓ પણ પ્રેરણા મેળવે તેવી આશા શિક્ષણવિદો રાખી રહ્યા છે. કુલપતિ નવીનચંદ્ર શેઠ કહે છે દોઢ વર્ષના મારા કાર્યકાળમાં અનેક ચીજવસ્તુઓ મળી છે તેની લીલામી કરીને જે રકમ આવે તેને રાજ્ય સરકારની કન્યા કેળવણી ફંડમાં જમા કરાવવામાં આવશે. યુનિવર્સિટીના સ્થાપનાદિનની ઉજવણી દરમિયાન આ નિર્ણય કરવામાં આવ્યો હતો. જે સૌથી વધુ રકમ આપશે તેને બે માસ પછી આ વસ્તુ આપી દેવાશે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં સેવાકાર્ય

ગાંધીનગર શહેરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા પુરુષોત્તમ માસ નિમિત્તે દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે ૪ ગામોનાં ૧૨૦ વૃદ્ધોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભેટાઈમાં સાત વૃદ્ધોને ચોખા ઉપરાંત બિસ્કીટના પૅકેટ આપવામાં આવ્યાં હતાં. શ્રી ગજાનન સેવા સમિતિ તરફથી આ સેવાકાર્યોમાં મૈત્રી, જયોષ્ઠા, પ્લાક્ષા, અતુલભાઈ, યોગેશ તથા મિલિન્દભાઈ જોડાયા હતા.

સદગુણ વગરની ષડયંત્રકારી બેપનાહ સુંદરતા બહુ ખતરનાક નિવડે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ક્લિયોપેટ્રા. સૌંદર્યનો સરતાજ. ખુબસુરતીના પર્યાય. ઈસવીસન પૂર્વે ૪૦મી સદીના યુવાનોના દિલની ધડકન અને સપનાની પરી એટલે ક્લિયોપેટ્રા. જેના સૌંદર્યની ચર્ચા એના મૃત્યુના ૨૦૦૦ વર્ષ પછી પણ અટકવાનું નામ નથી લેતી એવુ અપ્રતિમ સૌંદર્ય. વીસમી સદીના ત્રણ મહારથી લેખકો સેક્સપીયર, ડ્રાઈડન અને બર્નાડ શૉએ પણ ક્લિયોપેટ્રાની સુંદરતાને તેમની કલમને હુશ્ન અને ઈશ્કની શાહીમાં ડબોળી ડબોળીને નાટકોમાં ભરપૂર આલેખી છે. એવું કહેવાય છે કે, બેહદ ખુબસુરત ક્લિયોપેટ્રા એવી હુશ્નની મલિકા હતી કે, એકવાર એને જે જોઈ લે પછી એના સૌંદર્યને જીવનભર ભૂલી ન શકે.

ખૂબસુરતી ચહેરા ઉપર નહીં હૃદયમાં હોય છે. ચહેરાની ચમક તો સમય સાથે ઓસરી જાય. સુંદરતાની ઉણપ હોય તો સદગુણ એને પુરી શકે પણ સદગુણોની કમી સુંદરતાને ન પુરી શકે. સદગુણ વગરની સુંદરતાની અધુરપ તોફાની સાગરમાં સુકાન વગર ભટકતી નાવ જેવી છે. સૌંદર્ય સામ્રાજ્ઞી ક્લિયોપેટ્રાએ મધ્યપૂર્વ યુરોપ, ઈજીપ્ત અને ઉત્તર આફ્રિકાની રાજનીતિમાં પ્રાણઘાતક પ્રભાવક અસર છોડી છે. આ નારી જેટલી સુંદર હતી એના કરતાં વધુ ચતુર, ષડયંત્રકારી અને ખતરનાક નાગણ જેવી હતી.

સુંદરતા જેની આર્મી હતી એવી ક્લિયોપેટ્રા માટે કહેવાય છે કે, સુંદરતા ટકાવી રાખવા આ નારી જુદા જુદા પ્રાણીઓના દૂધનું મિશ્રણ કરીને સ્નાન કરતી. સદા યુવાન દેખાવા અને ચામડીની ચમક જાળવી રાખવા એ જંગલોમાં સૈનિકોને મોકલી વિવિધ જડીબુટ્ટીઓ મંગાવી એનો ભરપૂર ઉપયોગ કરતી. ક્લિયોપેટ્રા મેલીવિદ્યાનો પણ ઉપયોગ પણ કરતી. સુંદરતાનો હથિયાર તરીકે ઉપયોગ કરી એણે સૌંદર્યની આડમાં અનેક અનૈતિક ખેલ ખેલ્યા. ઈસવીસન પૂર્વે ૬૯માં ઈજીપ્તના એલેકઝાન્ડ્રીયા શહેરમાં એનો જન્મ થયો હતો. પિતા એક રાજા હતા. ક્લિયોપેટ્રા ગ્રીક નામ છે. ગ્રીક ભાષામાં 'ક્લિયોપેટ્રા'નો અર્થ 'પિતાનું ગૌરવ' થાય છે. એ ૧૭ વર્ષની યુવાન થઈ અને સૌંદર્ય સોળે કળાએ ક્લિયોપેટ્રા ઉપર મન મૂકીને વરસી પડ્યું. સ્વિટ સેવેન્ટિનમાં જ ક્લિયોપેટ્રાના પિતાનું મૃત્યુ થયું. કાયદેસર રીતે ક્લિયોપેટ્રા અને એનો ભાઈ પિતાજીના રાજપાઠ અને ધન દોલતના બે વારસદાર બન્યા. પ્રાચિન મિસ્ત્રની પરંપરા અનુસાર ક્લિયોપેટ્રા એના ભાઈની પત્ની બનવાની હતી. સત્તા અને સામ્રાજ્યના ખેલની અહીંથી શરૂઆત થઈ. સૌંદર્યની સામ્રાજ્ઞીના દિલ દહેલાવી નાખે એવા ષડયંત્રો ચાલુ થયાં. ક્લિયોપેટ્રાને પિતાની મિલકતથી હાથ ધોવા પડ્યા અને એ મિસ્ત્ર છોડીને સીરીયા પલાયન થઈ ગઈ.

આ સૌંદર્યની પ્રતિમાની સત્તા લોલુપતા અને ધનદોલત મેળવવાની લાલચનું વરવું સ્વરૂપ સદાય એના હૃદયમાં ધબકતું હતું. એ બરાબર સમજતી હતી કે, સૌંદર્ય હૃદયની પાસે હોય એના કરતાં આંખો પાસે હોય અને એ વાસના બની બે ભ્રમર વચ્ચે રમતું રહે તેમાં જ એની જીત છે. અજ્ઞાતવાસ દરમિયાન ક્લિયોપેટ્રાની મુલાકાત રોમન એમ્પાયરના પ્રતાપી રાજા જુલીયસ સીઝર સાથે થઈ. સીઝરે પહેલીવાર ક્લિયોપેટ્રાને જોઈ ત્યારથી એનો દિવાનો બની ગયો હતો. આ બાજુ ક્લિયોપેટ્રાએ પણ એના સૌંદર્યની મોહજાળ એવી પાથરી કે સીઝર એમાં ફસાતો જ ગયો. હવે તો સીઝર ક્લિયોપેટ્રાની આંખે જોવા લાગ્યો.

લાગ જોઈને ક્લિયોપેટ્રાએ સીઝરને મિસ્ત્ર ઉપર હુમલો કરવા તૈયાર કર્યો. સીઝરે ક્લિયોપેટ્રાના ભાઈ અને મિસ્ત્રના રાજા દોલેમીરને ક્લિયોપેટ્રાના ઈશારે રહેંસી નાખ્યો. સીઝરે ક્લિયોપેટ્રાને મિસ્ત્રની મહારાણી બનાવી દીધી. જહેરીલી સુંદર નાગણની રાજનીતિની આ પહેલી શાનદાર જીત હતી. મિસ્ત્રની મહારાણી બનતા મિસ્ત્રના રીવાજ અને પરંપરા અનુસાર એણે તેના બીજા નાનાભાઈ સાથે વિવાહ કર્યા. સત્તા અને સામ્રાજ્ય માટે સૌંદર્યનું લીલામ કરવા ઉતરી આવેલી ક્લિયોપેટ્રાએ એના પતિ એટલે કે બીજા નાના ભાઈને મરાવી નાખ્યો અને નાની બહેનને પણ ઝેર પીવડાવી મોતને ઘાટ ઉતારી દીધી. હવે મિસ્ત્રમાં ક્લિયોપેટ્રાનું એક હથ્થું શાસન હતું.

આ બાજુ જુલીયસ સીઝર ક્લિયોપેટ્રાના સૌદર્ય અને હુશ્ન પાછળ એટલો પાગલ હતો કે, મિસ્ત્રની રાણી ક્લિયોપેટ્રા સાથે વિવાહ કરી એને રોમની મહારાણી બનાવવાના પ્લાનમાં હતો. પણ રોમન પ્રજાને ક્લિયોપેટ્રા સાથે સીઝરના વિવાહ મંજૂર ન હતા. ક્લિયોપેટ્રા અને સીઝરના અનૈતિક શારીરિક સંબંધોની નિશાની સ્વરૂપે એક પુત્ર પણ થયો હતો. ખતરનાક નારી ક્લિયોપેટ્રાને રોમન પ્રજાનો ચૂકાદો મંજૂર ન હતો. એણે સીઝરના એક જનરલ એન્થોનીને કુનેહપૂર્વક એની મહોબતની માયાજાળમાં ફસાવ્યો. એન્થોની સાથે એણે લગ્ન પણ કર્યા. એન્થોનીના ત્રણ બાળકોની એ માતા બની. એણે એન્થોનીને હાથો બનાવી જુલીયસ સીઝરની હત્યા કરાવી નાખી. સીઝરના મોત બાદ એનો દીકરો ઓકટેવિયન સીઝર રોમની રાજગાદી ઉપર આવ્યો. ઓકટેવિયનને મહારાજા ન બનવા દેવા એન્થોની અને એના સાથીઓએ પ્રચંડ વિરોધ કર્યો. ક્લિયોપેટ્રાએ એન્થોનીને સાથ આપી રોમ સાથે યુદ્ધ કર્યું. ઓકટેવિયનના સમર્થ યોદ્ધા અને વિશાળ સૈન્ય સામે એન્થોની - ક્લિયોપેટ્રાનું સૈન્ય ટકી ન શક્યું. ક્લિયોપેટ્રા પાછી મિસ્ત્ર ભાગી ગઈ. એન્થોની પણ એની પાછળ પાછળ મિસ્ત્ર આવી ગયો.

આ બાજુ ઓકટેવિયન સીઝર કોઈપણ ભોગે ગદ્દાર એન્થોનીને છોડવા માગતો ન હતો. એણે ક્લિયોપેટ્રાનો કુનેહપૂર્વક ઉપયોગ કર્યો. ક્લિયોપેટ્રાને ચારિત્ર્ય અને સંસ્કાર સાથે બાર ગાંવનું છેટું હતું. એણે સિફતપૂર્વક પાર્ટી બદલી નાખી. એણે ઓકટેવિયન સાથે મળી મિસ્ત્રના શહેર એલેકઝાન્ડ્રીયામાં એન્થોનીની હત્યા કરી નાખી. એન્થોનીની હત્યા બાદ ક્લિયોપેટ્રાની માયાજાળનો નવો શિકાર ઓકટેવિયન સીઝર હતો. ઓકટેવિયનને ફસાવી રોમની મહારાણી બનવાનું સ્વપ્ન સાકાર કરવા એ દાવ ખેલવા લાગી. ઓકટેવિયન સીઝર એના પિતા જુલીયસ સીઝરની જેમ ચહેરા અને ચામડીની ચમકથી ન અંજાયો. ઓકટેવિયન શાણો નીકળ્યો. એણે ક્લિયોપેટ્રાને દુશ્મન નંબર વન ગણી મિસ્ત્ર ઉપર ચડાઈ કરી. મિસ્ત્ર જીતી લીધું.

કેટલાક સાથીઓને લઈને ક્લિયોપેટ્રા મિસ્ત્ર છોડી ભાગી ગઈ. દરબદર ભટકવા લાગી. લપાતી છુપાતી એ આમ તેમ રખડવા લાગી. એ કેવી રીતે મૃત્યુ પામી આજે પણ એક રહસ્ય છે. ઈતિહાસકારોના મતે ઓકટેવિયન સીઝરે ક્લિયોપેટ્રાની હત્યા કરાવી નાખી હતી. જ્યારે કેટલાકનું મંતવ્ય છે કે આ સુંદરતાની શહેજાદીએ સ્વયં સર્પદંશથી આત્મહત્યા કરી હતી. તો વળી કેટલાક કહે છે કે, એણે અતિશય માત્રામાં માદક દ્રવ્યોનું સેવન કર્યું એટલે મૃત્યુ પામી. કારણ ગમે તે હોય પણ લગભગ ચાર દાયકા જીવેલી આ સૌંદર્ય સામ્રાજ્ઞી, હુશ્નની દેવીનું મોત અત્યંત દયનીય હતું. જેણે સુંદરતા ઐશ્વરીય બક્ષીસ સમજીને સંસ્કાર અને સદગુણોના સમન્વય વગર બેફામ દુરુપયોગ કર્યો. જેમ સમુદ્રના પાણી કિનારા તોડી સુનામી સ્વરૂપે શહેરો-નગરોમાં ઘુસી ખાનાખરાબી સર્જે એમ મિસ્ત્ર સહિત રોમ અને મધ્યપૂર્વીય યુરોપમાં સૌંદર્યની સામ્રાજ્ઞીએ જબરજસ્ત ઉથલપાથલ કરી નાખી. સંસ્કાર, સદગુણ અને શરમ સૌંદર્યના સાચા ઘરેણાં છે. સૌંદર્યનું સન્માન શાનથી ત્યારે જ થાય જ્યારે એને સદગુણો સાથે ચારિત્ર્યનું મજબૂત આવરણ મળ્યું હોય. સૌંદર્ય તો હૃદયની પાસે વસવું જોઈએ. આંખો પાસેનું સૌંદર્ય હંમેશા દગો આપે છે. જે હૃદયમાં કટુતા હોય તે ક્યારેય સુંદર ન હોય.

ધબકાર

એક યુવાન વ્યક્તિ અને ખૂબસુરત સ્ત્રી સંસારની સૌથી મોટી તાકાત છે..... ચાણક્ય